રાજ્યની સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમાર્થીઓની તાલીમ માટે પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (મુલાકાતી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર)ની સેવાઓ લેવા બાબત.

ગુજરાત સરકાર,
શ્રમ અને રોજગાર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃતલમ/૧૨૦૧૬/૬૨૬૯૭૭/ર(૧),
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 20 SEP 2016

વંચાણે લીધા: -

(૧) નિયામકશ્રી, રોજગાર અને તાલીમનો તા.૩૦/૭/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃસીટીએસ/ચ-૧/ગે.ફે./૨૦૧૬/૭૭.

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૨/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંકઃબમશ/૧૦૧૪/૧૪૦/ગ.

ઠરાવ:-

આ વિભાગ હેઠળના ખાતાના વડા નિયામક, રોજગાર અને તાલીમ, ગાંધીનગરના તાબા હેઠળની રાજયની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તથા ગ્રાન્ટ-ઇન-એઇડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરની ખાલી જગ્યાઓ પર નિયમીત નિમણૂંક ન થાય ત્યાં સુધી તાલીમાર્થીઓને પ્રેકટીકલ તાલીમ, થીયરી, વર્કશોપ કેલક્યુલેશ, એન્જી. ડ્રોઇંગ, એમ્પ્લોયેબીલીટી સ્કીલ વિગેરે માટે પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (મુલાકાતી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર) ની સેવાઓ માનદ્ વેતન(Honorarium) થી લેવાની બાબત વિચાણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે જણાવેલ શરતોને આધિન આમુખમાં દર્શાવેલ ક્રમ (૨) ના શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૧૫ ના ઠરાવની જોગવાઇ મુજબ પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (મુલાકાતી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર) ની સેવાઓ માનદ્ વેતન (Honorarium) થી લેવાની મંજૂરી આપવામાં આવે છે.

૧. પિરીયડ દીઠ અને મહત્તમ દૈનિક માનદ્ વેતન (Honorarium) નીચે મુજબ રહેશે.

| શ્રમ અને રોજગાર વિભાગ હસ્તકની ITI માટે સૂચવેલ | | | |
|---|---|---|---|
| વિગત | પિરીયડ દીઠ માનદ્ વેતન | મહત્તમ દૈનિક પિરીયડ | મહત્તમ દૈનિક માનદ્ વેતન (Honorariam) |
| આઇ.ટી.આઇ. | રૂ.૭૫/- | ૬ કલાક | રૂ.૪૫૦/- |

૨. મુલાકાતી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરની સેવાઓ લેવા માટે લાયકાતના ધોરણો N.C.V.T./G.C.V.T. દ્વારા નિયત થયેલ જે તે ટ્રેડના સીલેબસ અનુસાર તથા ખાતા દ્વારા નક્કી કરવામાં આવેલ ભરતી નિયમો મુજબ રહેશે.

૩. સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરની ખાલી જગ્યાઓ નિયમીત પણે ન ભરાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા હોવાથી અને પિરીયડ દીઠ માનદ્દ વેતન(Honorariaum) થી સેવાઓ લેવાની હોઇ મુલાકાતી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર તરીકે આવનાર ઉમેદવારોનો કોઇ અન્ય સેવા વિષયક હક્કદાવો રહેશે નહીં તથા તે મુજબનું લેખિતમાં એફીડેવિટ થી બાહેંધરીપત્ર તેઓ પાસેથી મેળવી સંસ્થાના રેકર્ડમાં રાખવાનું રહેશે.

૪. સંબંધિત સંસ્થાના આચાર્યશ્રી, નોડલ સંસ્થાના આચાર્યશ્રી, નાયબ નિયામકશ્રી(તાલીમ), પ્રાદેશિક કચેરીઓના વડાઓએ લાયકાતના ધોરણો, માર્ગદર્શક સુચનાઓ અને ચુકવવામાં આવતા પિરીયડ દીઠ/કલાક દીઠ માનદ્દ વેતન (Honorariaum per period) બાબતે કોઇ કાયદાકીય ગૂંચ ઉપસ્થિત ન થાય તે પ્રમાણે અંગત કાળજી લેવાની રહેશે તથા આ ઠરાવની માર્ગદર્શક સૂચનાઓને અનુસરવાની રહેશે.

૫. મુલાકાતી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરને ચુકવવાનું થતું માનદ્દ વેતન (Honorariaum) તેમના બેંક એકાઉન્ટમાં Direct Benefit Transfer (DBT) હેઠળ જમા કરાવવાનું રહેશે.

૬. જે તે સંસ્થાની મંજુર બેઠકો સામે ભરાયેલ બેઠકો તથા ઉપલબ્ધ સ્ટાફને ધ્યાને લઇ મુલાકાતી સુપરવાઇઝર તરીકે આમંત્રિત કરવામાં આવશે.

૭. સંસ્થાના શૈક્ષણિક સ્ટાફને તેઓની કામગીરી ઉપરાંત અન્ય કામગીરી સોંપવામાં આવેલ હોય તો તેમની મૂળ ફરજ પરની કામગરી સૂપ્રત કરવાની રહેશે.

૮. સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ/ગ્રાન્ટ-ઇન-એઇડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ દ્વારા આમંત્રિત કરવામાં આવતા મુલાકાતી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરોને ચુકવવામાં આવનાર ઉચ્ચક માસિક માનદ્દ વેતનની મહત્તમ મર્યાદા રૂા.૧૩૫૦૦/- થી વધે નહી તે રીતે રાખવાની રહેશે.

૯. આ અંગેનો ખર્ચ સંબધિત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ દ્વારા વ્યવસાયિક સેવાઓ બદલ ખાસ ચુકવણું (PPPS) હેઠળ કરવામાં આવેલ સને ૨૦૧૬-૨૦૧૭ ની બજેટ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૬/૯/૨૦૧૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલાશ્રીના હુકમથી અને તેમના નામે

(અંકિતા સંગાડા)
ઉપ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

પ્રતિ,

(૧) માન. રાજયપાલાશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

(૩) માન.મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

(૪) અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૫) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૭) નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ગાધીનગર.

(૮) નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત.

(૯) તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી,

(૧૦) શાખા સિલેકટ ફાઇલ

(૧૧) ના.સે.અ. સિલેકટ ફાઇલ